
પાટીદાર
સૌરભ
ત્રિવાર્ષિક લવાજમ રૂ.૩૦૦
દિપોત્સવી ૨૦૧૦
કોણ છે
આ હિંમતભાઇ ખેતાણી?
સનાતનીઓની
શ્રધ્ધાનું
કેન્દ્ર બનશે
સંસ્કારધામ
કચ્છમાં લહેરાઇ રહી છે આધુનિકતાની ખેતી
realpatidar.com


realpatidar.com
પાટીદાર સૌરભ
ત્રિવાર્ષિક લવાજમ રૂા.૩૦૦
દિપોત્સવી ૨૦૧૦
કોણ છે
આ હિંમતભાઇ ખેતાણી?
સનાતનીઓની
શ્રધ્ધાનું
કેન્દ્ર બનશે
સંસ્કારધામ
કચ્છમાં લહેરાઇ રહી છે આધુનિકતાની ખેતી
realpatidar.com

Sanskar Dham
#History

સનાતનીઓની આસ્થા અને પ્રેરણાનું ધામ બનશે શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન


સંસ્કારધામ

■ હરિલાલ પટેલ

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પંચમ અધિવેશનમાં કેન્દ્રીય સમાજે શ્વેતપત્રની જાહેરાત કરી સમાજની ધાર્મિક બાબતની નીતિ સ્પષ્ટ કર્યા બાદ એક વાત નક્કી થઈ ચૂકી છે કે જે સનાતની હશે તે જ સમાજમાં રહી શકશે. ભારતના પ્રાંતે પ્રાંતથી ફૂંકાયેલા સનાતનીઓના શંખનાદનું આ પરિણામ છે એમ કહીએ તો ખોટું નથી. સમગ્ર સમાજમાં સનાતન હિન્દુ ચેતનાનો સૂર્યોદય થઈ રહ્યો છે ત્યારે તેની પાછળનું જાગૃતિનું સ્થાન, ચેતનાનું કેન્દ્ર અને પ્રેરણાનું ધામ બની રહ્યું છે લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન "સંસ્કારધામ".

દેશલપર (તા.ભુજથી) ૧.૫ કિ.મી.ના તથા કુળદેવીશ્રી ઉમીયામાતાજીના વાંઢાય ધામથી પણ ૧.૫ કિ.મી.ના અંતરે ભુજ-લખપત હાઈવે પર પાટીદાર વસતિ ધરાવતા ભુજ માંડવી અને નખત્રાણા તાલુકાના મધ્યમાં ૪૦ એકર જમીન પર સંસ્કારધામ આકાર લઈ રહ્યું છે. ભુજથી પશ્ચિમ કચ્છના માર્ગે નીકળ્યા હો ત્યારે દેશલપર પહેલાં લીલાંછમ વૃક્ષોની સાથે સંસ્કારધામનો બોર્ડ તમે જોયો તો હશે જ. અંદરનું વિહાંગાવલોકન પણ કર્યું હશે.

૧૯૯૬ એટલે કે ૧૪ વર્ષ પહેલાં સનાતની ભાઈઓ શ્રી કરસન પ્રેમજી મેઘાણી (અંગીયા), શ્રી રામજી ખીમજી ડાયાણી (ધાવડા), શ્રી અખઈ વાલજી પારસીયા (અંગીયા), શ્રી વગેરેને "મેરે સીને મેં નહીં તો તેરે સીને મેં, આગ જો પડી હૈ વો જલની ચાહિએ" એમ વિચાર આવતા કચ્છના સ્થાનિક ભાઈઓ સાથે વિચાર વિમર્શ કર્યો કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના આદ્ય સુધારક શ્રી નારણજી રામજી લીંબાણી અને સંતશ્રી લાલરામજી અને તેમના શિષ્ય ઓધવરામજી મહારાજની પ્રેરણાથી ગામે ગામ શ્રી લક્ષ્મીનારાયણનાં



શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન સંસ્કારધામ મધ્યે નિર્માણ થઈ રહેલ નૂતન મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મે-૨૦૧૧માં થવાની છે ત્યારે બાંધકામ પૂર્ણ કરવાનો ધમધમાટ સંકુલમાં રાત-દિવસ જોવા મળે છે.

મંદિરોનું નિર્માણ થયું પણ એ મંદિરોને એક સૂત્રે બાંધી શકે એવી કેન્દ્રીય સંસ્થાની આવશ્યકતા ખરી કે નહિં?

મુલાકાત દરમ્યાન ઉપસ્થિત સંસ્કારધામ ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી કરસનભાઈ મેઘાણીએ જણાવ્યું કે "તમામ સંપ્રદાયોના કેન્દ્રસ્થાનો હોય જ છે અને ત્યાંથી જ સમસ્ત મંદિરોના સંકલિત કાર્યક્રમો ચાલતા હોય છે. આ વાત અમે બે ટીમમાં વહેંચાઈને ગામડે-ગામડે ફરીને ચર્ચા-વિચારણા દ્વારા અભિપ્રાયો મેળવ્યા. જેમાં ખૂબ જ સારો પ્રતિભાવ મળ્યો અને આવું કેન્દ્ર સ્થાન હોવું જ જોઈએ એવો સૂર પ્રગટ થયો."

આગોતરું આમંત્રણ

આગામી તા.૧૧-૫-૨૦૧૧ થી તા.૧૪-૫-૨૦૧૧ સુધી સંસ્કારધામ ખાતે યોજાનાર શ્રી લક્ષ્મીનારાયણ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ માટે અત્યારથી આગોતરા આમંત્રણ પાઠવાઈ રહ્યાં છે.

એ સમય દરમ્યાન સમાજનાં ૯૩ ગામના વિશેષ પ્રતિનિધિઓ અને આગેવાનોની એક સભા ઉમિયા માતાજી ટ્રસ્ટ વાંઢાય ખાતે તે સમયના ટ્રસ્ટના પ્રમુખ શ્રી જેઠાભાઈ લાલજી ચોપડાના અધ્યક્ષસ્થાને મળી. જેમાં મંદિરોની એક સૂત્રતા જાળવવા બાબતે અને મંદિરોને ધબકતાં તથા પ્રાણવાન બનાવવાના વિચારને જબરદસ્ત પ્રતિસાદ મળ્યા ને સનાતન ધર્મની જાગૃતિ અને ધર્મના પ્રચાર-પ્રસાર માટે શ્રી લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિની રચના કરવામાં આવી.


'આદર્યાં અધૂરાં રહેતાં નથી' એ

ઉક્તિની સાર્થકતા અહીં દેખાણી અને તન-મન અને ધનથી સૌ-સૌની શક્તિ મુજબ કાર્યને ઉપાડ્યું. તે દરમ્યાન વાંઢાયથી વિરાણી મોટી સુધીની એક ભવ્ય ધર્મયાત્રા કાઢવામાં આવી અને ત્યારબાદ વિરાણી મોટીના રામ મંદિરના મહંત શ્રી શાંતિદાસજી મહારાજની ૩૦૦ જેટલી ધર્મજાગૃતિની સભાઓ યોજાઈ, જેમાં ઉમળકાભેર સમાજજનોએ હાજરી આપી અને જબરદસ્ત સહકાર પણ આપ્યો.

અગાઉ ગામે ગામ મંદિરો નિર્માણ થયા પછી ભગવાન લક્ષ્મીનારાયણની પૂજા-અર્ચના, સ્તુતિ, આરતી કે વિધિ કર્મકાંડમાં કોઈ એકસૂત્રતા ન હતા અને સ્થાનિક પૂજારીની સમજ પર નિર્ભર હતા તેથી આ સમિતિએ કર્મકાંડના પ્રખર અને શાસ્ત્રોમાં વિદ્વાન ગણાતા શ્રી હંસરાજભાઈ જોષી-વિથોણવાળા તથા અન્ય બ્રાહ્મણો પાસે ચોક્કસ સ્તુતિ, પૂજા-અર્ચન પ્રસ્થાપિત કરાવવામાં આવ્યા અને ગામે ગામના મંદિરના કાર્યકર્તાઓ સાથે પૂજારીઓને પણ સાથે રાખીને સાહિત્ય તૈયાર કરીને આપવામાં આવ્યું. જેને 'ભાવ વંદના' નામ આપી લક્ષ્મીનારાયણ ભગવાનના તમામ મંદિરો સુધી પહોંચાડી એકસૂત્રતા ઊભી કરવામાં આવી.

સિતારના તારે બંને બાજુ ખીંટીઓનું બંધન સ્વીકાર્યું તો તેમાંથી મધુર સૂરો પ્રગટ્યા. નદીએ કિનારાનું બંધન સ્વીકાર્યું તો તે લોકમાતા બની. વૃક્ષોએ ધરતીનું બંધન સ્વીકાર્યું તો તે પૂજનીય બન્યાં. આમ ક્યાંક તો બંધન સ્વીકારવું જ રહ્યું. ધર્મ એ માણસોને બંધનોમાં રાખે અને સંગઠિત પણ બનાવે. તમામ સનાતનીઓના શ્રધ્ધા કેન્દ્રો સમાન ભગવાન લક્ષ્મીનારાયણ અને તેના મંદિરોને એકસૂત્રે બાંધી શકે એવી કેન્દ્રીય સંસ્થાની આવશ્યકતા જણાતાં આજનું આ લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન "સંસ્કારધામ" અસ્તિત્વમાં આવ્યું.

શ્રી લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિની સ્થાપનાથી લઈને આજના આ



સંસ્કારધામના પ્રમુખ શ્રી જેઠાભાઈ ચાંપડા સંકુલના વિકાસ માટે શરૂઆતથી જ ઉંડો રસ લઈ રહ્યા છે.

'કેન્દ્રસ્થાનના અણનમ' બનીને સતત કાર્યશીલ રહી નેજો ઉપાડનારા પ્રમુખ શ્રી જેઠાભાઈ લાલજી ચોપડાએ મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે આ ભગીરથ કાર્યને ઉપાડ્યું ત્યારથી આજ સુધી ખૂબ મોટા પ્રમાણમાં ઉત્સાહ અને સહકાર સાંપડ્યો છે. તેઓએ શરૂઆતની વાતોને યાદ કરતાં કહ્યું હતું કે - અમે જ્યારે તે વખતના અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ સ્વ. શ્રી પ્રેમજી પુંજા વાસાણી પાસે શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન બનાવવાની ઈચ્છા પ્રગટ કરી ત્યારે બાપાએ અમારી વાતને ઉમળકાભેર વધાવી લીધી, એટલું જ નહીં પણ આ તો મારી પણ ઈચ્છા છે એવો ભાવ પ્રગટ કર્યો ત્યારે અમારી ઈચ્છાઓ ખરેખર અમારું 'ધ્યેય' બની ગયું અને શ્રી પ્રેમજી બાપાએ અમને ખૂબ ઉત્સાહ પૂરો પાડ્યો. ધર્મજાગૃતિની સભાઓમાં પણ તેઓ જોડાયા અને તેમની સાથે નાગલપરવાળા શ્રી નારણ હીરા ધોળુ પણ સતત સાથે રહ્યા.

હાલે નિર્માણ પામી રહેલા આ 'સંસ્કારધામ'ની જગ્યાએ અગાઉ સ્વામિનારાયણ સંપ્રદાયનું ગુરુકુળ બનવાનું હતું. જ્યારે કેન્દ્રસ્થાન બનાવવું જ એવો દઢનિશ્ચય થયો ત્યારે આ સ્થળ પસંદગીએ ઉતર્યું અને જમીન ખરીદી અને ઢેબા-ઢળિયા અને અસમથળ ધરતીને સમથળ કરવાની વાત આવી ત્યારે ગામે ગામથી ૧૫૦ ટ્રેકટરો સાથે હાજર રહી કારસેવામાં સનાતનીઓ જોડાયા. ભાવ-વિભોર થતાં પ્રમુખશ્રી જેઠાભાઈએ જણાવ્યું કે લોકોમાં રહેલી અંતરની ઈચ્છાઓ અને મનનો ભાવ તથા જબરદસ્ત પ્રતિસાદ અને ઉત્સાહનો આ પુરાવો છે.


પ્રથમ મહા સમિતિની બેઠકમાં ફંડ માટે રૂા. ૧૧,૦૦૦ના ૧૦૦ દાતાઓ તૈયાર થયા. ત્યારબાદ જમીન ખરીદી અને

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન-સંસ્કારધામના હોદ્દેદારો

પ્રમુખ	જેઠાભાઈ લાલજી ચોપડા	ભુજ
ઉપપ્રમુખ	કરશનભાઈ પ્રેમજી મેઘાણી	ગાંધીધામ
ઉપપ્રમુખ	રામજીભાઈ ભીમજી ડાયાણી	જોરાવરનગર
ઉપપ્રમુખ	ગંગારામ શિવદાસ રામાણી	ભુજ
મહામંત્રી	અખેરાજ પ્રેમજી માનાણી	નાગપુર
મંત્રી	રતિલાલ મનજી પોકાર	ભુજ
મંત્રી	તેજાલાલ દેવજી સાંખલા	ગાંધીધામ
મંત્રી	શાંતિલાલ કાનજી વાસાણી	ગાંધીધામ
ખજાનચી	કલ્યાણજી હીરજી છાભૈયા	અમદાવાદ
સહખજાનચી	મણીલાલ હીરજી ભગત	બિદડા

વિકાસ માટે લોન રૂપે પણ ફંડ એકઠું કરવામાં આવ્યું ત્યારથી આજ સુધી કોઈની પાસે ઝોળી લઈને ટહેલ નાખવાની જરૂર પડી નથી એવું જણાવતાં પ્રમુખશ્રીએ હર્ષથી જણાવ્યું હતું કે શ્રી હંસરાજભાઈ ધોળુ (દુર્ગાપુરવાળા), શ્રી ગંગારામભાઈ શીવદાસ રામાણી (દેશલપરવાળા) જેવા નામી-અનામી ભામાશાઓના ઉદારભાવથી આજ સુધી એક પણ કામ અટક્યું નથી. અત્રેના મંદિરના શિલાન્યાસ સમયે શ્રી રમેશભાઈ ઓઝાની ભગવદ્ કથાનો તમામ ખર્ચ એક જ અનામી દાતાએ ઉપાડી લીધો અને કથા દરમ્યાન થયેલી લાખોની આવક આ સંસ્થાને ચરણે ધરી દીધી હતી.

આ સંસ્થામાં પ્રથમ તબક્કે અંદાજે રૂા. બે કરોડના ખર્ચે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું ભવ્ય મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. તે પૂર્ણતાના આરે પહોંચ્યું છે. આ મંદિરમાં આગામી મે માસમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે અને ત્રિદિવસીય ભવ્ય મહોત્સવ ઉજવવામાં આવશે. શિલ્પકલાના નમૂનારૂપ શિલ્પશાસ્ત્રના નિયમાનુસાર રૂપ કામના થર બંસી પહાડપુર પથ્થરમાં કોતરકામ કરીને કલાત્મક મંદિર તૈયાર થઈ રહ્યું છે.




સંસ્કારધામ પરિસરમાં બાગબગીચા અને બાળકો માટે ક્રિડાંગણ સહિતની સુવિધાઓ નિર્માણ થઈ રહી છે.

સામાન્ય સમાજજન પણ મંદિર નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે તે માટે શીલાદાન યોજના અમલમાં મૂકેલ છે. રૂા. ૧૦૦૦/-ની એક શીલાનું દાન નિયત કરવામાં આવેલ છે. જેને બહોળો પ્રતિસાદ મળતાં અન્ય સ્કીમો સાથો રૂા. એક કરોડ ૫૩ લાખનું મંદિર નિર્માણ માટે દાન મળી ચૂક્યું છે.

મંદિરની ઉત્તર બાજુએ અંદાજે એક હજાર પ્રેક્ષકો બેસી શકે એટલો વિશાળ સત્સંગ હોલ (ઓડીટોરિયમ)નું કામ પણ પૂર્ણતાને આરે છે. જેમાં ભવિષ્યમાં ધર્મ સભાઓ, શિબિરો, સેમિનારોના આયોજનમાં ઉપયોગી થશે. આ સત્સંગ હોલના નામકરણ માટે રૂા. ૨૫ લાખ ગુરુશ્રી વાલરામજી મહારાજની સ્મૃતિમાં શ્રી ગંગારામ શીવદાસ રામાણીના હસ્તે મળી ચૂક્યું છે.

સત્સંગ હોલની બાજુમાં કાયમી યજ્ઞશાળાનું પણ નિર્માણ થઈ રહ્યું છે. જેમાં નિયમિત રીતે યજ્ઞો અને હવન ચાલુ રાખવામાં આવશે. ઉપરાંત સત્સંગ હોલની સામેના ભાગે સંતો-મહંતોને ઉતારા માટે 'સંત કુટીર' નામે વિશિષ્ટ સુવિધાવાળુ ભવન તૈયાર થઈ ચૂક્યું છે.

'સંસ્કારધામ' માત્ર કેન્દ્રસ્થાન નહીં પણ અહીં વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું પ્રેરણાનું ધામ બનાવવાનું પ્રથમથી જ આયોજનમાં છે. બાળકોને અદ્યતન ઢબના શિક્ષણ સાથે સંસ્કારો પણ મળી શકે એ હેતુથી મંદિર પરિસરની બાજુના અલાયદા વિભાગમાં કે.જી. થી માંડીને ધોરણ-૧૨ સુધીની આધુનિક ઢબની સુવિધાથી સજ્જ ગુજરાતી અને અંગ્રેજી મીડીયમનું વિદ્યાલય આકાર લઈ રહ્યું છે. જે ટૂંક સમયમાં પૂર્ણ થશે. ગત વર્ષે તેના શિલાન્યાસ વખતે ઉપસ્થિત જાણીતા સંત



સંસ્કારધામમાં વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ સાથે કેળવણી આપવા વિદ્યાલય પણ બનાવવામાં આવ્યું છે.

અને લેખક શ્રી સચ્ચિદાનંદ મહારાજે પણ રૂા. ૧ લાખનું દાન આપેલ છે.

વિદ્યાલયની સાથે તેને અનુરૂપ છાત્રાલયનું પણ નિર્માણ કાર્ય ચાલુ છે. શિક્ષણને લગતી વિદ્યાર્થીઓ માટેની અત્યંત આધુનિક અને જમાનાને અનુરૂપ તમામ સુવિધાઓ ઊભી કરવામાં આવશે એવું મુલાકાત દરમ્યાન ઉપસ્થિત સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ગંગારામભાઈ શીવદાસ રામાણીએ જણાવ્યું હતું.

વિદ્યાલય, છાત્રાલય ઉપરાંત વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા માટે ઈન્ડોર અને આઉટ ડોર ગેમ્સ સાથે રમતગમતનું વિશાળ સ્ટેડિયમ બનાવવાનું આયોજનમાં છે જે માટે ૭ એકર જમીન અલાયદી રાખવામાં આવી છે. યોગ કેન્દ્ર, ઘોડે સવારી અને તરણ માટેની સુવિધાઓ પણ વિદ્યાર્થીઓને મળી રહે તે માટે આયોજન ભવિષ્ય માટે વિચારાયું છે.

મંદિરની દક્ષિણ દિશાએ લેન્ડ સ્કેપીંગ કરીને આધુનિક બગીચાનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે. વિવિધ ફૂલછોડથી અને ફુંવારાઓથી શોભતું ગાર્ડન ખરેખર સૌ માટે આકર્ષણનું કેન્દ્ર તો રહેશે જ. બાળકો માટે અલાયદું બાલ ભવન અને બાલવાટિકા પણ યોજનામાં છે.

મંદિરના દર્શનાર્થીઓ અને મુલાકાતીઓ માટે સુવિધાઓથી સજ્જ કેન્ટીન પણ બંધાઈ રહી છે. તે ઉપરાંત કાર્યાલય, સાહિત્ય વેચાણ માટેનું જ્ઞાન ભંડાર, જ્ઞાતિની પ્રેરણા અને પ્રદર્શન આપનાર સંતો અને સમાજ સુધારકોનું સ્મૃતિ મંદિર પણ તૈયાર થઈ ચૂક્યું છે.

ભવિષ્યમાં આ સંસ્થા દ્વારા નિરાધારોને રોજગારી મળી શકે એ માટે ગૃહઉદ્યોગ શરૂ કરવાની નેમ છે. અને આપણો સમસ્ત સમાજ કૃષિક્ષેત્રે સંકળાયેલો હોઈ આ સંસ્થા ભવિષ્યમાં ખેતીવાડી સંશોધન કેન્દ્ર પણ શરૂ કરવાનું ધારે છે.

ઈ.સ. ૨૦૦૩માં અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજના નામે ટ્રસ્ટ રજીસ્ટર કરવામાં આવ્યું છે. હાલમાં કચ્છના કડવા પાટીદારોની વસતિવાળા ૧૪૫ ગામો, સાબરકાંઠાના ૩૦૦, કંપાઓ તેમજ ભારતભરમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને માનતા કચ્છના કડવા પાટીદારોની આ કેન્દ્રીય સંસ્થા છે અને દરેક ગામની સનાતન સમાજો આ સંસ્થાની સભ્ય છે.

આ સંસ્થા દ્વારા અત્યાર સુધી સંતો અને વિદ્વાનોને સાથે રાખીને કચ્છ અને કચ્છ બહાર ભારતભરમાં ૫૦૦ જેટલી ધર્મસભાઓ યોજી છે. તેમજ યુવાનો, મહિલાઓ અને બાળકોની શિબિરો પણ યોજવામાં આવી છે. ઉપરાંત આ સંસ્થા દ્વારા તૈયાર કરાયેલા ભવ્ય ધર્મજાગૃતિ રથે કચ્છના ૧૪૫ અને સાબરકાંઠાના ૨૭૦ કંમ્પાઓ તેમજ મધ્ય અને દક્ષિણ ગુજરાતના ૬૦ જેટલા નાના મોટા ગામ-શહેરોમાં પરિભ્રમણ કરીને ધર્મ પ્રસાર-પ્રચાર કર્યો છે.

સંસ્થાની ૪૦ એકર પૈકીની ખુલ્લી જમીન પર ૨૩૦૦ કેસર આંબાના વૃક્ષો અને ૧૫૦૦ જેટલા અન્ય વૃક્ષોનું વાવેતર કરીને પર્યાવરણને ભર્યું ભર્યું બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વૃક્ષદાન માટે એક વૃક્ષનું રૂા. ૫૦૦નું દાન સ્વીકારવાની સ્કીમ પણ મૂકવામાં આવી છે. ગીચ વસતિવાળા શહેરો અને ફ્લેટોમાં રહેનારાઓએ આ તક ઝડપવા જેવી છે. તેઓ જે ત્યાં વૃક્ષ વાવી શકતા નથી. તેમના નામે અહીં વૃક્ષો ઉછેરાશે.

ઉપરોક્ત વર્ણનથી આપની સામે એક અકલ્પનીય ચિત્ર ઉપસી રહ્યું હશે. ખરેખર સનાતન સમાજનું આ અદ્વિતીય ધામ બની રહેશે.

વિવિધ આયોજન અને ભાવિ યોજનાઓ માટે ટ્રસ્ટે દાન માટેની વિવિધ સ્કીમો મૂકી છે જેની માહિતી પુસ્તિકાઓ ગામેગામ તથા સમાજોને મળી હશે જેમાં વિસ્તારથી આ યોજનાઓ મૂકવામાં આવી છે તેમાં યથા શક્તિએ જોડાઈ શકો છો.

'સંસ્કારધામ'ના વિકાસ માટે તમામ સભ્યો કમરકસીને તન-મન-ધનથી જહેમત કરી રહ્યા છે. અત્યાર સુધી રૂા. ૪ કરોડનું દાન મળી ચૂક્યું છે અને તેટલી જ રકમનું કામ માટે ખર્ચ થઈ ચૂક્યું છે. હજુ પણ દાન જેમ મળતું રહેશે તેમ ભાવિ યોજનાઓ સાકારિત થતી રહેશે.

પ્રમુખશ્રી જેઠાભાઈએ લાગણીસભર શબ્દોમાં કહ્યું હતું કે સંસ્થામાં જોડાનાર તમામ સભ્યોએ પદપ્રતિષ્ઠા કે નામનાને બાજુએ મુકીને પોતાની શક્તિ મુજબ તન-મન-ધન ન્યોંછાવર કર્યા છે ત્યારે આ ધામ આજે હર્યું ભર્યું બન્યું છે. કાર્યક્રમના આયોજન, સાહિત્ય નિર્માણ માટે તેઓએ સ્વીકાર્યું હતું કે રતીલાલ મનજી પોકાર - વાલ્કાવાળા તથા શ્રી તેજાભાઈ સાંખલાને પ્રથમથી જ તેઓની સૂઝ-બુઝનો મોટો સહયોગ સાંપડ્યો છે.

આ ઉપરાંત વસ્તારામ કેસરા નાકરાણી, કલ્યાણજી હીરજી છાભૈયા, શાંતિલાલ કાનજી વાસાણી, રામજી કરમશી નાકરાણી, ડૉ. પ્રેમજીભાઈ ધોઘારી, ધનજી શીવગણ રૂડાણી, શિવગણ પચાણ ચૌહાણ, ધનજી પુંજા લીંબાણી, અખૈરાજ પ્રેમજી માનાણી જેવા નામી અનામી દાતાઓ, કાર્યકરો અને સહયોગીઓ સંસ્કારધામના વિકાસમાં પ્રવૃત્ત છે.

ભગવાનશ્રી લક્ષ્મીનારાયણ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવની તિથિ નક્કી થઈ ચૂકી છે. આગામી તા.૧૧-૫-૨૦૧૧ થી ૧૪-૫-૨૦૧૧ના ભવ્ય મહોત્સવ ઉજવવાનું આગોતરું આયોજનના ભાગરૂપે ભારતભરમાં પથરાયેલા સમાજ સુધી સંસ્કારધામ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ટીમો પ્રવાસ કરી ભાવ ભર્યું આમંત્રણ પાઠવવાનું આયોજન કરી રહી છે. કારણ કે ભગવાનના ભવ્ય ઉત્સવનું યજમાન બનવાનું સૌભાગ્ય કોને મળે !

ભુજ-લખપત હાઈવે પર દેશલપર (વાંઢાય) નજીક પસાર થતા હરકોઈ સનાતની પાટીદાર સંસ્કારધામનું આ ભવ્ય સંકુલ જોઈ ભાવવિભોર બની જાય છે અને તેમના અંતરમાંથી એક દિવ્ય નાદ સરી પડે છે. જય લક્ષ્મીનારાયણ ....!

❖

સનાતનીઓના હિત માટેની લડાઈ ચાલુ જ રહેશે...

■ સી.કે. પટેલ.

બીજા પાટીદારો જેવું જ એમનું નામ પણ સરળ છે, હિંમતભાઈ ....! હિંમતભાઈ રતનશી ખેતાણી. કચ્છમાં વિરાણીમોટીના અને વ્યવસાય અર્થે પહેલાથી જ મુંબઈમાં રહે.

આપણા સમાજમાં વિરાણીમોટી એ ક્રાંતિકારી ગામ છે. આ ગામે જ્ઞાતિને અનેક સપૂતો આપ્યા છે. જ્ઞાતિના આદ્ય સુધારક નારાયણજી રામજી લીંબાણી વિરાણીમોટીના. આ નારાયણજી બાપાએ પ્રગટાવેલ ધર્મ જાગૃતિની જયોતને પ્રજવલિત કરી સનાતની સમાજનો શંખનાદ કરનાર રતનશી ખીમજી ખેતાણી પણ વિરાણીમોટી ગામના. હિંમતભાઈ આ રતનશી ખીમજી ખેતાણીના દિકરા.

સાવ સીધા, સરળ અને નિરભિમાની માણસ ! કેન્દ્રીય સમાજની મિટિંગોમાં છેલ્લા થોડા વર્ષોથી આવતા થયેલા. વિરાણીમોટી સમાજની મિટિંગોમાં નિયમીત આવે એટલે ગામના બધા સ્વાભાવિક જ ઓળખે પણ આજુબાજુના પાંચાડામાં ખાસ પહેચાન નહીં...

મુંબઈમાં તેમનું મોટું મિત્ર વર્તુળ. સુગમ અને શાસ્ત્રીય સંગીત સાંભળવાના જબરા શોખીન. થીયેટરની નાટ્ય પ્રવૃત્તિનો પણ શોખ એટલે એમની પ્રવૃત્તિઓનું ફલક પણ એ દિશામાં વિશેષ... ભારતની પ્રાદેશિક ભાષાઓ શિખવાનો અને બોલવાનો તેમને ભારે શોખ. હિન્દી, મરાઠી, સિન્ધી, પંજાબી, બંગાળી, કન્નડ, મલયાલમ, રાજસ્થાની ઉપરાંત આપણી કચ્છીમાં વાત કરે ત્યારે કોઈને પણ ખ્યાલ ન આવે કે હી માડુ વડી વિરાણીજો કુણબી આય !

નખત્રાણા કોલેજનું આર્થિક સંકટ હળવું કરવા મુંબઈ રહેતા નખત્રાણાવાળા રતિભાઈ રામાણી સાથે હિંમતભાઈ પણ સક્રિય રસ લેતા એટલે લોકોને તેમની આવી ઉમદા સેવાકીય પ્રવૃત્તિનો થોડોક પરિચય ખરો.



સનાતન પાટીદાર સમ્રાટ : હિંમતભાઈ ખેતાણી.

સમાજની મિટિંગોમાં પણ તેઓ હંમેશાં પાછળની હરોળમાં ઓડિયન્સની વચમાં જ બેસવાવાળા. સમાજમાં છેલ્લા કેટલાક વરસોથી જે રીતનો માહોલ જામ્યો હતો અને કાર્યવાહી થઈ રહી હતી તે જોઈ મનોમન ધૂંધવાયા કરે... રતનશી ખીમજીના દિકરા. એટલે હિંમત અને દ્દઢ મનોબળ વારસામાં જ મળેલા-

કેન્દ્રીય સમાજ દ્વારા ખાસ કરીને

કેટલાક હોદ્દેદારો દ્વારા સતપંથ સંપ્રદાયના જે રીતે આળપંપાળ કરવામાં આવી રહી હતી તે જોઈ હિંમતભાઈ અતિ દુઃખી હતા. ધર્મ જાગૃતિ ક્ષેત્રે વડીલોએ કરેલા કાર્યો પર પાણી ઢોળવાની પ્રવૃત્તિઓ જે રીતે સમાજમાં ફુલી-ફાલી રહી હતી તે જોઈ તેઓ એટલી હદે વ્યથિત હતા કે ક્યારેક તેમનો આ આક્રોશ મુઠીઓ વાળી, અતિ ઉંચા સાદે પ્રગટ કરતા ત્યારે તેમના મિત્રો પણ થરથરી ઉઠતા !

વરસોથી ધરબાયેલો આ આક્રોશ આખરે વિસ્ફોટ થઈને જ રહ્યો... ૭ ઓગષ્ટ, ૨૦૦૯, શુક્રવારની કેન્દ્રીય સમાજની એ વાર્ષિક સામાન્ય સભામાં કોઈની પણ સાડીબારી રાખ્યા વિના કેન્દ્રીય સમાજની સતપંથની છાવરવાની નીતિ પર તેમણે ૧૯ મિનિટનું જે ભાષણ ઠપકાર્યું... આ ભાષણે સમાજનો ઈતિહાસ બદલાવી નાખ્યો ! બધાની આંખો ખૂલી ગઈ !

હિંમતભાઈના આ ભાષણની કલીપ વિજળી વેગે સમગ્ર હિન્દુસ્તાનમાં ફરી વળી. સમગ્ર સમાજમાં હડકંપ મચી ગયો. લોકો તાજ્જુબ હતા. અત્યાર સુધી ન જાણેલી એવી કેટલીયે હકીકતોનો પર્દાફાશ થઈ રહ્યો હતો અને હિંમતભાઈની સનાતની ચળવળને સ્વયંભૂ ટેકો આપવાવાળા લોકોનું વર્તુળ વિસ્તરતું જ ગયું....

સમગ્ર સમાજમાં હિંમતભાઈની સનાતની તરીકેની ઓળખ રાતોરાત પ્રસ્થાપિત થઈ ગઈ. હિંમતભાઈને સાંભળવા માટે સનાતન ધર્મ વિશે જાણકારી મેળવવા માટે ગામે ગામથી લોકોની માંગ આવવા માંડી. હિંમતભાઈ અને તેમની ટીમે દેશભરમાં વિદ્યુતવેગી પ્રવાસો કરી એક જબ્બર જુવાળ પેદા કર્યો અને પરિણામ સ્વરૂપ કેન્દ્રીય સમાજને શ્વેતપત્ર બહાર પાડવું પડ્યું અને સમાજને સનાતની સમાજ તરીકેની સ્પષ્ટ ઓળખ આપવી પડી.



સનાતન ધર્મ પ્રચાર સમિતિના નેજા હેઠળ દેશભરમાં જે પણ પ્રવાસો થાય છે તેમાં લોકો હિંમતભાઈને સાંભળવા માટે સૌથી વધુ આતુર હોય છે. પીરાણા પંથ અંગેની તેમની જાણકારી અને સનાતન ધર્મ અંગેની માહિતી તેઓ જે ઢબે, તર્કબધ્ધ રીતે, સચોટ દાખલા સહિત આપે છે, લોકોને શીરાની જેમ ઝટ ગળે ઉતરી જાય છે !

પ્રવાસોથી હિંમતભાઈ થાકતા નથી. સનાતન ધર્મ અંગેના કોઈ પણ કાર્ય માટે તેઓ સદાય તત્પર જ હોય છે. તેમના ઉગ્ર ભાષણો સાંભળી લોકો તો તાળીઓના ગડગડાટ કરે છે પણ કેન્દ્રીય સમાજનું મોવડી મંડળ ભડકી ઉઠે છે !

નારાયણજી લીંબાણીના અધૂરા કાર્યોને આગળ ધપાવવાનું એક મિશન હિંમતભાઈએ ઉપાડ્યું છે તે હાલે પુરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે સનાતની હિન્દુ પાટીદાર સમ્રાટ એવા ૬૦ વર્ષીય હિંમતભાઈ ખેતાણીની પાટીદાર સૌરભે લીધેલી મુલાકાતના આ રહ્યા કેટલાક અંશો...

❖❖

■ **આ ઝનૂન... આ આક્રોશ... આમ અચાનક જ કેમ વિસ્ફોટ થયો?**

- જુઓ ભાઈ, ઘણા વખતથી મને એવું લાગતું હતું કે આ ખાનાવાળાઓ આપણી સમાજમાં રહીને પોતાની સમાજનો વિકાસ કર્યા કરે છે અને એ થોડી વધુ તપાસ કરતાં સાચું ઠર્યું. એમની પોતાની સમાજ હોવા છતાં આપણી સમાજમાં આપણી સાથે રહીને આપણા સનાતની લોકોને ત્રાસ આપવાનું કાર્ય કરે, એ કેમ ચલાવી લેવાય?

■ **ઘણા લોકો એવું ઠસાવવાનો પ્રયત્ન કરે છે કે સતપંથીઓ તો હવે સુધરી ગયા છે. હકીકત શું છે?**

- એક વખત એવો હતો કે જયારે સતપંથીઓ પોતાની ઓળખ છુપાવતા અને આપણામાં ભળી જવાનો દંભ કરતા. સનાતનીઓને એવું લાગ્યું કે ધીરે ધીરે આ લોકો સુધી જશે. પરંતુ એવું ન થતા મજબૂત થતા ગયા અને મજબૂતાઈનો ઉપયોગ સનાતનીઓને હેરાન કરવામાં કરતા આવ્યા છે. આ બધું અસહ્ય બનતું ગયું. બીજી બાજુ બાળપણથી જ મા-બાપ તરફથી જે જાણવા મળ્યું તેના આધારે સતત એવી લાગણી ઉદ્દભવી કે આપણો સમસ્ત સમાજ જુના વખતમાં અમુક નબળાઈઓના લીધે ભોળવાઈને સતપંથ નામના પંથનો અંગીકાર કરી બેઠો.

■ **શું છે આ સતપંથ?**

- સતપંથ એ મુસ્લીમો દ્વારા સ્થાપિત કહેવાતો હિંદુ ધર્મનો પંથ છે કે જે સાચા અર્થમાં હિન્દુઓને વટલાવીને મુસલમાન બનાવવાનું એક જબરદસ્ત મોટું કાવતરું હતું અને એમાં આવું ષડયંત્ર રચનાર લોકો સંપૂર્ણતઃ સફળ થયા. કારણ કે આપણો કચ્છી પાટીદાર સમાજ સતપંથી બની ગયો.

■ **આ ષડયંત્રમાં ગેઢેરાઓની શું ભૂમિકા રહી છે?**

- સમય જતા વચ્ચે-વચ્ચે સમાજની જ અમુક વ્યક્તિઓ દ્વારા આવી છેતરપીંડીની સામે ખુલ્લો બળવો પોકારવામાં આવ્યો પરંતુ એ વખતના

સતપંથીઓનું, પીરાણાના સૈયદોનું અને આપણી નાતના જ ગેઢેરા (નેતાઓ)નું જોર અને જોહુકમી એટલા બધા હતા કે સત્યનો આગ્રહ રાખવાવાળાઓને સજા કરી ડામી દેવામાં આવતા.

■ **એ બધી જૂની વાતો થઈ... પણ અત્યારે આમ અચાનક આ 'ભૂત' ફરી...**

- આ બધું સમજયા પછી અને ખાસ કરીને બાપુજી (રતનશી ખીમજી ખેતાણી) પાસેથી જાણેલી હકીકતોના આધારે મનમાં સતત એક વિચાર ઘૂમ્યા કરતો હતો કે આપણા વડીલોએ પાડેલ સત્યનો પ્રકાશ કે જેના ફળ સ્વરૂપ જ્ઞાતિની મોટા ભાગની જનસંખ્યા વળી પાછી મૂળ સનાતન ધર્મમાં પુનઃ પ્રવેશી.

તો પછી જે લોકો કોઈ રીતે સમજવા તૈયાર ન હોય એવા લોકોની સાથે સંબંધો શા માટે રાખવા જોઈએ? ખૂબ જ પ્રેમથી, વિનવણીથી, સમજાવટથી તેમને સત્યના માર્ગે પાછા વાળવાના પ્રયત્નો જ્યારે નિષ્ફળતા પામ્યા અને ઉલ્ટાનું એવા ગેરમાર્ગે દોરવાયેલા લોકો દ્વારા જે ત્રાસ ગુજારવામાં આવ્યો અને સનાતનીઓને સહન કરવાના દિવસો આવ્યા. મારા માટે આ અસહ્ય બની ગયું. મને સતત એવું લાગ્યા કરતું હતું કે કોઈ યોગ્ય મોકો મળે તો વડીલોએ મૂકેલ અધૂરું કામ આપણે એક નૈતિક જવાબદારી સમજીને આપણા શિરે લેવું.

■ **અને આપને એ મોકો ૨૦૦૯ની ૭ ઓગષ્ટના મળી ગયો...?**

- આપણી કેન્દ્રીય સમાજના નેતાઓ ઘણા જ લાપરવાહ બની ગયા છે અને દુઃખની વાત તો એ છે કે સનાતનીઓને અન્યાય કરી સતપંથીઓને છાવરવાની નીતિ અપનાવી બેઠા. આ બધું જોઈને પારાવાર દુઃખ થયું અને ખૂબ જ ગુસ્સો આવ્યો. તેથી જ તા.૭ ઓગષ્ટ, ૨૦૦૯, શુક્રવારના દિવસે સમાજની વાર્ષિક સામાન્ય સભામાં સમાજના નેતાઓને અને તમામ સભ્યોને ઉદ્દેશીને ૧૯ મિનિટનું મારું મંતવ્ય મુક્ત પણે રજુ કરી, સત્ય વસ્તુ લોકો સમક્ષ રાખી અને તેમને હકીકતોથી વાકેફ કર્યા.

■ **આપના આ ૧૯ મિનિટના વક્તવ્યમાં સમાજના આગેવાનો સામે આપે કેટલાક અણછાજતા શબ્દપ્રયોગ કર્યા...**

- જુઓ, સમાજના નેતાઓ જે ભાષા સમજે તે ભાષામાં જ રજૂઆત કરી, મારી આ મજબૂરી હતી. સતત વિનંતીઓની જ્યાં કોઈ જ અસર ન થતી હોય ત્યાં લાચાર માણસ બીજું શું કરી શકે? હું જે કંઈ બોલ્યો તે નરી વાસ્તવિકતા હતી અને આજના જમાનામાં સાચી વાત કોઈને સદે નહીં તો શું કરવું? આવા કડક વક્તવ્ય સિવાય કોઈ આરો જ નહોતો.

■ **સભામાં અશોભનિય વર્તનનો પણ તમારી સામે આક્ષેપ થયો...**

- ઉપરોક્ત, તા.૭-૮-૨૦૦૯ વાળા મારા ભાષણ વિશે સમાજના નેતાઓએ જુદા જુદા મેગેઝીનોમાં છપાવીને એવો પ્રચાર કર્યો કે મેં અશોભનીય વર્તન કરી અને સભાના વાતાવરણને દોષિત કર્યું. આ બધું વાંચીને, સાંભળીને મને ખૂબ જ દુઃખ થયું. પરંતુ આજે એ વાતનો મને અતિ આનંદ છે કે આ ભાષણ દરમ્યાન મેં જે જે હકીકતોનો નિર્દેશ કર્યો હતો, તે તમામ હકીકતોને સમાજે સ્વીકારી લીધી. એટલું જ નહીં, પરંતુ સમાજે પોતાની નીતિ કે જે વર્ષોથી અસ્પષ્ટ હતી તેની સ્પષ્ટતા કરી અને જાહેર કર્યું કે આ એક એવી સમાજ છે કે સંપૂર્ણતઃ હિન્દુ સનાતન ધર્મમાં આસ્થા ધરાવે છે.



■ **આ જાગૃતિ અભિયાનને કારણે સમાજના પ્રમુખ રામજીભાઈ નાકરાણી સાથેના તમારા અંગત સંબંધો પણ વણસી ગયેલા...**

- રામજીભાઈ મારા ગામના છે અને સનાતની છે એ બધી વાતો સાચી પણ પ્રમુખ તરીકેના તેમના કેટલાક પગલાંઓને કારણે સમાજને પારાવાર નુકશાન થયું છે અને તે માટે એકમાત્ર તેઓ જ જવાબદાર છે. મારા સહિત અનેક લોકોએ તેમને આવા અયોગ્ય પગલાં ન ભરવા વિનંતીઓ કરી જોઈ પણ સત્તાનો મદ અને અયોગ્ય માણસોની દોરવણીમાં તેઓ દોરવાઈ ગયા અને સમાજને નુકશાન કરી બેઠા.

■ **તમારું અભિયાન હાલે ક્યા તબક્કે છે?**

- જે લોકો પાછલા ૧૦૦ વર્ષમાં સુધર્યા નથી તેઓ કંઈ રાતોરાત માની જવાના નથી. સમાજે ૨૫ માર્ચ, ૨૦૧૦ના શ્વેતપત્ર બહાર પાડ્યું. તા.૭ મે, ૨૦૧૦ના સમાજનું સુધારાવાળું બંધારણ સર્વાનુમતે અસામાન્ય સભામાં રજુ કરી મંજુર કરાવ્યું. તા. ૧૨ મે, ૨૦૧૦ના બંધારણને સંલગ્ન જ્ઞાતિના રીત રીવાજો જ્ઞાતિના પંચમ અધિવેશનમાં રજુ કરી મંજૂર કરાવ્યું અને તા. ૧ જૂલાઈ, ૨૦૧૦ના રોજ એક આદેશ બહાર પાડી સમાજની દરેક પેટા સમાજોને તેમજ દરેક ઝોનને મોકલી આપ્યો.

આ બધા જ દસ્તાવેજોમાં સમાજે પોતાની એક આગવી ઓળખ હિન્દુ

સનાતની સમાજ તરીકે જ જાહેર કરી અને ફક્ત હિન્દુ સનાતન ધર્મમાં માનનારાઓની જ આ સમાજ છે એવું જાહેર કર્યું. હવે પછી આ સમાજનો જે એક ઉદ્દેશ છે, ધાર્મિક વિકાસ અંગેનો, તે બારામાં ફક્ત હિન્દુ સનાતન ધર્મ અંગે જ કાર્યો કરવાનું કામ હાથ ધરશે અને તેમાં બીજા ધર્મનો કે તેના હેઠળ આવતા સંપ્રદાયોનો કોઈ પણ પ્રકારનો ચંચુપાત ચલાવી લેશે નહીં.

- **સતપંથવાળા પણ કહે છે કે અમે પણ હિન્દુ ધર્મવાળા છીએ. તો...**

\- જુઓ, સમાજે હવે સ્પષ્ટ કહી જ દીધું છે. તેથી હવે સતપંથ કે સતપંથીઓ દ્વારા એમ કહેવામાં આવે છે કે એ એક ધર્મ છે. સમાજે સ્પષ્ટ કર્યું તેમ આપણે સનાતન હિન્દુ ધર્મ છે તેથી એક સમાજમાં હવે બે ધર્મવાળા સાથે રહી શકે નહીં. વળી પાછું સતપંથીઓની પોતાની એક અલગ સમાજ છે જ. જે છેલ્લા ૪૦૦ વર્ષથી અસ્તિત્વ ધરાવે છે. તેથી હવે સમાજ દ્વારા કરવામાં આવેલ ચોખવટ બાદ આ સમાજમાં સતપંથીઓનું તેમજ સતપંથ પ્રત્યે કુણું વલણ ધરાવતી કોઈ પણ વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમુદાયનું કે સંસ્થાઓનું કોઈ પણ સ્થાન નથી.

- **આ 'જંગ' હવે ક્યાં સુધી ચાલશે?**

\- સનાતનીઓની આ લડાઈ હવે નિર્ણાયક તબક્કામાં પ્રવેશી ચૂકી છે. કેન્દ્રીય સમાજના ઠરાવો અને આદેશોનો અમલ કરાવવાનો છે. દેશભરમાં આ માટે માહોલ ઉભો કરી રહ્યા છીએ અને તેને સારો પ્રતિસાદ પણ સાંપડી રહ્યો છે. વર્ષો જૂની જડ છે તેને ઉખેડતાં સમય તો લાગશે જ.

- **સમાજની નેતાગીરીમાં કોઈ બદલાવ આવ્યો છે?**

\- બદલાવ આવ્યો છે એટલે તો આ બધા ઠરાવો અને આદેશો કરાવી શક્યા છીએ. ખરી સમસ્યા દૂધ-દહીંમાં પગ રાખવાવાળાની છે. લોકોને આવા તત્ત્વોની ઓળખ સ્પષ્ટ થવા લાગી છે એટલે ધીમે ધીમે આવા લોકોને નેતાગીરીમાંથી વિદાય થયે જ છૂટકો છે.

- **શું લાગે છે, સમાજના ભવિષ્ય બાબતે...**

\- સમાજનું ભવિષ્ય ઉજ્જવળ જ છે. કલંકિત ઘટનાઓ તો ઈતિહાસમાં બનતી જ હોય છે પણ સમાજના લોકો જે રીતે સમજ્યા છે અને કેન્દ્રીય સમાજના સનાતની સમાજ અંગેના ઠરાવોને જે રીતે અનુમોદન આપી રહ્યા છે તે જોતાં ઘણો બધો બદલાવ આવી ગયો છે. અમારી લડાઈ પણ આખરી નથી, જ્યાં સુધી જ્ઞાતિ પર લાગેલ કલંક નેસ્તનાબૂદ ન થાય ત્યાં સુધી સતપંથીઓના સામે સનાતનીઓના હિત માટેના આ લડાઈ અવિરત ચાલુ જ રહેશે.

❖

"નિસ્વાર્થ કાર્ય, એજ સમાજ સેવા" || શ્રી ઊમિયાયે નમઃ || "વિના સહકાર, નહીં ઉદ્ધાર"

Shri Dakshin Karnataka Kutch Kadva Patidar Laxminarayan Sanatan Samaj

શ્રી દક્ષીણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, બેંગલોર

"SRI UMIYA BHAVAN", # 980, SERVICE ROAD, R.P.C. LAYOUT, VIJAYANAGAR 2ND STAGE, BANGALORE - 560 040.

Hon. President : **Nanjibhai Valji Limbani, Myasore Road, Bangalore**
(O) 26745490, (R) 23351414, (M) 94484 95050.

Gen. Secretary : **Arjunbhai Hirji Sankhala, Mandya, Bangalore**
(O) 28483527, (R) 94804 47448, (M) 94482 73375.

Head Treasurer : **Chimanbhai Nanji Limbani, Mysore Road, Bangalore**
(O) 26747755, (R) 23507136, (M) 94484 58755.

Immediate Past President : **Keshavlalbhai Virji Pokar, Peenya, Bangalore**
(O) 28391232, (R) 28370557, (M) 94482 70308.



Vice President : **Khimji Premji Pokar, Nelamangala**
(O) 27722110, (R) 27723390, (M) 98441 56643.

Secretary : **Manilal Bhimji Limbani, Yelahanka**
(O) 28460339, (R) 28460221, (M) 93412 57157.

Treasurer : **Vasantbhai Keshavlal Gorani, Udupi**
(O/R) 0820-2529608, (M) 98452 30301.

Auditor : **Purushottam Devji Bathani, Davangere**
(O) 275088, (M) 98452 77088.

Immediate Past General Secretary : **Dhanjibhai Manji Chhabhalya, Peenya, Bangalore**
(O) 28395043, 28396120, (R) 28396238, (M) 99001 81865.

Committee Members:

Ex- General Secretary :
Manjunath Valji Rudani, Harihar
(O) 242225, (R) 241325, (M) 94484 51325
Dineshbhai Shivji Chhabhaiya, Davangere
(O) 255435, (R) 255995 (M) 94487 54140
Rameshbhai Hansraj Pokar, Mandya
(O) 225530, (R) 227254, (M) 94483 16773
Babubhai Jivraj Ramani, Ramanagar
(O) 27273922, (R) 27271727
Chandulal Velji Sankhala, Mysore
(O) 0821-2482859, (R) 2482050, (M) 98451 22050
Gopal Shivji Sankhala, Mysore
(O) 2495931, (R) 2495755, (M) 94482 71755
Lalji Dana Jabvani, Rajajinagar
(O) 23377632, (R) 23472025, (M) 94483 05048
Parbat Devji Sankhala, Rajajinagar
(O) 23288370, (R) 99001 68732, (M) 94483 52021
Jitendra Ratanshi Pokar, Magadi
(O) 080-7745578, (R) 77455178, (M) 94480 85278
Nathu Dana Vasani, Lalbag
(O) 26587981, (R) 26683323, (M) 98441 23320
Premji Harji Chhabhaiya, Lalbag
(O) 28523017, (R) 51119753, (M) 93412 18578
Purushottam Manji Ravani, K.R. Puram
(O) 25612958, (R) 98459 32201, (M) 97400 85111
Ramesh Kheta Pokar, K.R. Puram
(O) 25650993, (R) 25424814, (M) 98440 11345
Veerji Narayan Bhavani, Doddabalapur
(O) 080-27624226, (R) 27689577, (M) 94487 61808
Vishram Shivdas Bhagat, Nelamangala
(O) 27723644, (R) 27722633, (M) 93412 38543
Dinesh Keshra Limbani, Indiranagar
(O) 25367836, (R) 25294357, (M) 94498 63351
Jethalal Bhimji Limbani, Indiranagar
(O) 25681544, (R) 65681545, (M) 98451 20544
Somji Meghji Nathani, Udupi
(O) 0820-2528231, 2524541, (M) 94481 38231
Shivdas Mulji Ravani, Bhadravati, Maddur
(O) 08282-263601, (M) 94481 46491
Khimji Shivji Limbani, Hassan
(O) 08172-256470, (R) 256493, (M) 99804 35906
Somji Jivraj Pokar, Kolar
(O/R) 08152-240288, (M) 94481 85388
Kantilal Nanji Pokar, Mulbagal
(O) 08152-242453, (R) 242653, (M) 94492 59458
Hirji Daya Chhabhaiya, Tumkur
(O) 0816-2281363, (R) 2280195, (M) 94483 70195
Lakhamshi Dhanji Ravani, Gubbi
(O) 08131-222742, (R) 222853, (M) 99640 98572
Karsan Premji Pokar, Peenya, Bangalore
(O) 41170026, (R) 28398645, (M) 99455 35121
Premji Karsan Chhabhaiya, Peenya, Bangalore
(O) 28396532, (R) 28391896, (M) 94483 86532
Kantilal Pachan Vadiya, Hiriyur
(O) 08193-227239, (R) 228792, (M) 94481 94777
Kishore Ratanshi Gorani, Holalkere
(O) 08191-275142, (R) 275942, (M) 94484 85056
Lakhamshi Raja Diwani, Yelahanka
(O) 23636633, (R) 28560983, (M) 98452 90603
Ravilal Lakhamshi Ramani, Yelahanka
(O) 23636911, (R) 23543446, (M) 94483 85109

|| श्री सनातन धर्मो धर्म रक्षित || ૧-૧૦-૨૦૧૦

નુતન વર્ષ ની શુભ કામના

શ્રી દક્ષિણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, બેંગલોર ના પદાધીકારીઓ, કારોબારીશ્રીઓ તેમજ સમગ્ર સમાજના જ્ઞાતિજનો, આપણા ૨૯ ઝોનના સર્વે જ્ઞાતિજનોને દીપાવલી ના તેમજ નુતન નવા વર્ષ વિક્રમ સંવત ૨૦૬૭ ના અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવે છે.

નુતન નવું વર્ષ આપણી પાટીદાર જ્ઞાતિમાં તેમજ ભારત વર્ષ માટે એકતા એવમ્ અખંડતા જળવાઈ રહે, સાથે સાથે સર્વેને આરોગ્યમયી - લાભદાયી - સુખદાયી વિકાસમયી - યશસ્વમયી તેમજ આનંદમયી નિવડે એવી કુળદેવી શ્રી મા ઉમિયા તેમજ આપણા ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન આપણને ઉત્તરોત્તર ચડતી રાખે એવી નમ્ર પ્રાર્થના છે અને રહેશે.

આપણી જ્ઞાતિના મુખપત્રો, જેવા કે "પાટીદાર સૌરભ", "પાટીદાર સંદેશ", "ઉમા દર્પણ" તેમજ "પાટીદાર દર્શન" સદાય ફુલ્યા ફાળ્યા રહે જેથી ભારતભરના આપણા જ્ઞાતિજનો એકમેક ની નજીક આવી શકે છે તેમજ જ્ઞાતિને લાગતા સમાચારો ઘર ઘર સુધી પહોંચે છે. આ કાર્ય માટે તેમનો મહત્વનો ફાળો આપતા તેમના માનદ્ તંત્રીશ્રીઓ તેમજ તેમના કર્મચારી ભાઈ-બહેનો અને પત્રકાર પ્રતિનિધીશ્રીઓ સર્વેને પણ અમારા અભિનંદન ની સાથે શુભકામનાઓ પાઠવતાં અતી હર્ષની લાગણી અનુભવીએ છીએ.

એજ, લી. આપના જ,



નાનજી વાલજી લીંબાણી
મયલ, બેંગલોર-પ્રમુખશ્રી



ખીમજી પ્રેમજી પોકાર
એનર, નેલમંગલા-ઉપ-પ્રમુખશ્રી



અર્જુનભાઈ હીરજી સાંખલા
ઉંડેરી, મંડ્યા, બેંગલોર-મહા મંત્રીશ્રી



ચિમનભાઈ નાનજી લીંબાણી
રસલીયા, બેંગલોર-ખજાનચીશ્રી

શ્રી દક્ષિણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, બેંગલોર વતી
તા. : ૧-૧૦-૨૦૧૦ સ્થળ : બેંગલોર

"સમાજે આપણા માટે શું કર્યુ છે, તેના બદલે આપણે સમાજ માટે શું કર્યુ છે અને શું કરવું જોઈએ, તે વિચારે એજ સાચો સજ્જન".

PATIDAR SAURABH (Monthly)

Regd. No. GKCH / 88-A / 2009-2011
RNI No. GUJGUJ / 2001 / 6356



Printed, Published and owned by Neeta Patel and printed at Allied Offset, Gomtipur - Ahmmedabad and Published at Nakhatrana (Kachchh). Editor : C.K. Patel.

Sweta Offset Pvt. Ltd. Ph. : 22940375